રજુ તારીખ : ૨૦/૦૨/૨૦૧૯.

દાખલ તારીખ : ૨૦/૦૨/૨૦૧૯.

ફેંસલ તારીખ : ૧૫/૦૬/૨૦૨૧.

| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| --- | --- | --- | --- |
| | ૦૨ | ૦૩ | ૨૬ |

**<u>મે.જંબુસરના એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં.મુ.જંબુસર.</u>**

ક્રિ.પ.અ.નંબર :–૬૩/૨૦૧૯.
આંક :–

**અરજદાર** :૧: સાલેહાબાનુ સાદીક પટેલ, ઉ.વ.આ.૩૬, ધંધો–ઘરકામ,
રહે. ભડકોદ્રા, તા.જંબુસર, જી. ભરુચ.

વિરુધ્ધ.

**સામાવાળા** :૧: યુસુફ અબ્દુલ પટેલ, ઉ.વ.આ.૫૦, ધંધો–વેપાર,

:૨: સલીમ અબ્દુલ્લા પટેલ, ઉ.વ.આ.૪૦, ધંધો–કોન્ટ્રાકટર,

:૩: રસીદાબેન અબ્દુલ ઈબ્રાહીમ પટેલ, ઉ.વ.આ.૬૫, ધંધો–ઘરકામ,

:૪: મેરૂનબેન સલીમ અબ્દુલ પટેલ, ઉ.વ.આ.૩૫, ધંધો–ઘરકામ,

:૫: શિરીન અબ્દુલ ઈબ્રાહીમ પટેલ, ઉ.વ.આ.૩૬, ધંધો–ઘરકામ,

:૬: મહેબુબ અબ્દુલ ઈબ્રાહીમ બાપુ,ઉ.વ.આ.૩૦, ધંધો–ઘરકામ,

તમામ રહે.પાંચ હાટડી, મું.પો.તા. જંબુસર, જી.ભરૂચ.

**<u>બાબતઃ–ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૮,૧૯,૨૦ તથા ૨૨ મુજબ.</u>**

---

// અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.એસ. પટેલ //
// સામાવાળા તર્ફે એકતરફી //

---

## –:: ઠરાવ ::–

(૧) આ કામે અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના સામાવાળા નં.૧ તેણીના પતિ થાય છે. સામાવાળા નં.ર તેણીના દિયર થાય છે. સામવાળા નં.૩ તેણીના સાસુ અને સામાવાળા નં.ર સલીમની પત્ની સામાવાળા નં.૪ થાય છે. સામાવાળા નં.૫ તેણીના નણંદ થાય છે અને સામાવાળા નં.૬ તેણીના દિયર થાય છે. આ કામના અરજદારના લગ્ન યાને નિકાહ આશરે ૩૦ વર્ષથી ઉપર મુસ્લીમ શરીયત શાસ્ત્ર વિધિ તેમજ તેઓની જ્ઞાતિના રીત રીવાજ અનુસાર મુંપો.જંબુસર સ્થળે સગા સબંઘીઓની હાજરીમાં સામાવાળા નં.૧ સાથે થયેલા. લગ્ન બાદ સામાવાળા નં.૧ ને ત્યાં સોના–ચાંદીના દર–દાગીના, વાસણ–કુસણ, કપડાની પેટી તથા વિવિધ પ્રકારના રાચ–રચીલા તથા રોકડા રૂપિયા સાથે અને કન્યાદાનમાં મળેલી તમામ ભેટ સોગાદો સાથે તેણીને સામાવાળા નં.૧ ને ત્યાં મોજે જંબુસર ખાતે વાળાવેલી. તેઓ સામાવાળા નં .૧ થી ૬ સાથે સંયુકત કુટુંબમાં રહેતા અને લગ્ન જીવનના તમામ હકકો પુર્ણ કરતા હતા. શરુઆતમાં છ–માસ તેઓનો ઘર સંસાર સારી રીતે ચાલતો હતો. પરંતુ તે બાદ સામાવાળા નં.૧ સામાવાળા નં .ર થી ૬ નાઓની ચઢવણીથી તેણીને મહેણા ટોણા મારવા લાગેલા અને પિયરમાંથી રોકડા રૂપિયાની માંગણી કરતા હતા લઈ આવવા ભારે દબાણ કરવા લાગેલા. જેથી આ કામના અરજદારે જણાવેલ કે , તેઓના પિતા ખુબજ ગરીબ છે આપી શકે તેમ નથી. જેથી સામાવાળા નં.૧ નાઓ શારીરિક માનસિક ત્રાસ આપવા લાગેલા અને મારઝુડ કરવા લાગેલા તેમ છતા અરજદાર એક ભારતીય નારી તરીકે સામાવાળા નં. ૧ થી ૬ નાઓનો ત્રાસ સહન કરી રહેતા હતા અને સામાવાળા નં.૧ એક દિવસ સુધરી જશે તેવી આશાએ રહેતા હતા. " મેં તારી સાથે કરવા ખાતર લગ્ન કરેલ છે બાકી મારે તારી સાથે કાંઈ લેવા દેવા નથી અને મારા માં–બાપને પણ તુ ગમતી નથી." તેમ જણાવતા હતા. સમાવાળા નં.૧ કોઈની સાથે વાતચીત કરવા દેતા નહી. આમ સામાવાળા નં.૧ થી ૬ નાઓ અરજદારને વિના કારણે શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા અને તેઓને પહેરેલ લુગડે ઘરમાંથી કાઢી મુકેલ છે અને તેઓની તમામ ચીજવસ્તુ જપ્ત કરી લઈ ઘરમાં પગ મુકીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે. ત્યારબાદ અરજદાર મોજે ભડકોદ્રા, તા.જંબુસર મુકામે તેઓના માતા–પિતાને ત્યાં આવી રહેલ છે અને સામાવાળા નં.૧ તથા તેઓના કુટું બીજનોએ કોઈપણ જાતના વાંક ગુના વગર તેઓનો ત્યાગ કરેલ છે.

વધુમાં અરજદાર જણાવે છે કે, સામાવાળા નં.૧ નાએ તેઓનો વિના કારણે ત્યાગ કરેલ

છે અને આજદિન સુધિ ભરણ–પોષણની વ્યવસ્થા કરેલ નથી. સામાવાળાઓના ત્રાસના કારણે તેઓની તબીયત ઉપર અસર પડેલી છે અને માનસીક અસર થયેલ છે. સામાવાળા નં.૧ નાઓએ તેઓનો ત્યાગ કર્યા બાદ તેઓના રહેઠાણની તથા ભરણ–પોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી. જેથી સામાવાળાઓ સામે હાલની અરજી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળ કરવી પડેલ છે.

અરજદાર તેની અરજીમાં વધુમાં જણાવે છે કે, સામાવાળા નં.૧ શરીરે તંદુરસ્ત અને સશકત છે અને સામાવાળાઓની જંબુસર મુકામે ખેતીની જમીનો આવેલ છે સામાવાળા ત્રણ પાક લ ે છે પીયતની સગવડ છે. સામાવાળા નં.૧ વિદેશ કમાણી કરીને ભારત પરત આવેલા છે અને જંબુસર મુકામે વેપાર કરે છે સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર છે અને કોન્ટ્રાકટના કામો રાખે છે તથા જંબુસર મુકામે ઘર આવેલા છે. માસિક રૂ.૫૦,૦૦૦/– જેટલી છે. વાર્ષિક આવક ૨૦,૦૦,૦૦૦/– છે. જયારે તેઓને કોઈ કામ, ધંધો, હુનર ઉધોગ આવડતો નથી અને જાતે કમાઈ ભરણ–પોષણ કરી શકે તેમ નથી. સદર તમામ હકીકત જણાવી અરજદારે તેઓનો ત્યાગ કર્યા બાદ સામાવાળાઓએ રહેઠાણની કોઈ વ્યવસ્થા કરેલ નથી. જેથી તેને રહેઠાણની વ્યવસ્થા કરી આપે અગર તો રહેઠાણ માટે મકાન ભાડે રાખી શકે માટે અરજીની તારીખથી માસિક રૂ.૨૫૦૦૦/– લેખે ભાડાની રકમ ચુકવે તેવો હુકમ ફરમાવવા તથા સદર કામના સામાવાળા તેઓને માસ્કિ રૂ.૨૫૦૦૦/– અરજીની તારીખથી ચઢા–ચઢીથી ભરણ પોષણની રકમ ચુકવે તેવો હુકમ ફરમાવવા તથા સામાવાળાઓએ અરજદારને ત્યજી દિધેલ હોય, ત્રાસ ભોગવવો પડેલ હોય તેના કારણે તબીયત ઉપર અસર પડેલી હોય તેના વળતરની રકમ રૂ.૨૫,૦૦,૦૦૦/– સામાવાળઓ પાસેથી અપાવવા તથા આ અરજીનો તમામ ખર્ચ સામાવાળાઓ પાસેથી અપાવવા તથા નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) પ્રસ્તૃત કામે રક્ષણ અધિકારીનો રીપોર્ટ આંક–૩થી રજુ કરવામાં આવેલ છે, જે રીપોર્ટમાં અરજદારની સહી છે.

(૩) ઉપરોકત અરજી રજીસ્ટરે દાખલ કરી સામાવાળાને નોટીસની ધોરણસર બજવણી કરવામાં આવેલ હોવાછતાં સામાવાળા હાજર થયેલ ન હોવાથી સદર કામ સામાવાળા વિરુઘ્ધ એકતરફી ચલાવવાનો હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) સબબ આ અરજીના ન્યાયીક નીર્ણય સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે.

—:: મુદા ::—

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાઓએ તેણીની વિરૂઘ્ધ કૌટુંમ્બીક હિંસા આચરેલ છે ?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણીની સામાવાળાઓ થકી કૌટુંમ્બીક હિંસાથી વ્યથિત મહિલા છે ?

૩. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણીની કલમ—૧૮ હેઠળ રક્ષણનો હુકમ મેળવવા હકકદાર છે ?

૪. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણીની કલમ—૧૯ હેઠળ રહેઠાણનો હુકમ મેળવવા હકકદાર છે ?

૫. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણીની કલમ—૨૦ હેઠળ ભરણપોષણ મેળવવા હકકદાર છે ?

૬. શું અરજદાર પુરવાર કરે છે કે, તેણીની કલમ—૨૨ હેઠળ વળતરનો હુકમ મેળવવા હકકદાર છે ?

૭. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નીર્ણયો નીચે મુજબના છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. નકારમાં.

૪. નકારમાં.

૫. હકારમાં.

૬. નકારમાં.

૭. આખરી હુકમ મુજબ.

(૬) અરજદાર તર્ફે અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

:૧: આંક–૫ થી અરજદાર સાલેહાબાનુ સાદીક પટેલની સોગંદ ઉપરની સરતપાસ.

:૨: આંક–૬ થી કલોઝીગ પુરશીશ.

(૭) સદર કામે સામાવાળાને યોગ્ય અને વ્યાજબી તક આપવા છતા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જેથી સામાવાળાનો પુરાવાનો હકક તા.૧૯/૧૦/૨૦૨૦ નારોજ બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ અને સામાવાળા વિરુધ્ધ કામ એક તરફી ચલાવવામાં આવેલ છે.

(૮) અરજદાર તરફે વિ. વ. શ્રી જી.એસ.પટેલની મૌખિક દલીલ સાંભળી, જયારે સામાવાળા હાજર રહેલ ન હોય તેમના તરફે કોઈ દલીલ નથી.

(૯) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

–:: **<u>કા ર ણો</u>** ::–

(૧૦) સંલગ્ન કાયદાકીય જોગવાઈઓ.

**<u>(a)</u>** **<u>Section 2 (a)</u>** "aggrieved person" means any woman who is, or has been, in a domestic relationship with the respondent and who alleges to have been subjected to any act of domestic violence by the respondent;

**<u>(b)</u>** **<u>Section 2 (f)</u>** "domestic relationship" means a relationship between two persons who live or have, at any point of time, lived together in a shared household, when they are related by consanguinity,

marriage, or through a relationship in the nature of marriage, adoption or are family members living together as a joint family;

**(c)** **Section 2 (g)** "domestic violence" has the same meaning as assigned to it in section 3;

**(d)** **Section 2 (q)** "respondent" means any adult male person who is, or has been, in a domestic relationship with the aggrieved person and against whom the aggrieved person has sought any relief under this Act:

Provided that an aggrieved wife or female living in a relationship in the nature of a marriage may also file a complaint against a relative of the husband or the male partner;

**(e)** **Section 3.** Definition of domestic violence.-For the purposes of this Act, any act, omission or commission or conduct of the respondent shall constitute domestic violence in case it -

(a) harms or injures or endangers the health, safety, life, limb or well-being, whether mental or physical, of the aggrieved person or tends to do so and includes causing physical abuse, sexual abuse, verbal and emotional abuse and economic abuse; or

(b) harasses, harms, injures or endangers the aggrieved person with a view to coerce her or any other person related to her to meet any unlawful demand for any dowry or other property or valuable security; or

(c) has the effect of threatening the aggrieved person or any person related to her by any conduct mentioned in clause (a) or clause (b); or

(d) otherwise injures or causes harm, whether physical or mental, to the aggrieved person.

Explanation I.-For the purposes of this section,-

(i) "physical abuse" means any act or conduct which is of such a nature as to cause bodily pain, harm, or danger to life, limb, or health or impair the health or development of the aggrieved person and includes assault, criminal intimidation and criminal force;

(ii) "sexual abuse" includes any conduct of a sexual nature that abuses, humiliates, degrades or otherwise violates the dignity of woman;

(iii) "verbal and emotional abuse" includes-

(a) insults, ridicule, humiliation, name calling and insults or ridicule specially with regard to not having a child or a male child; and

(b) repeated threats to cause physical pain to any person in whom the aggrieved person is interested.

(iv) "economic abuse" includes-

(a) deprivation of all or any economic or financial resources to which the aggrieved person is entitled under any law or custom whether payable under an order of a court or otherwise or which the aggrieved person requires out of necessity including, but not limited to, household necessities for

the aggrieved person and her children, if any, stridhan, property, jointly or separately owned by the aggrieved person, payment of rental related to the shared household and maintenance;

(b) disposal of household effects, any alienation of assets whether movable or immovable, valuables, shares, securities, bonds and the like or other property in which the aggrieved person has an interest or is entitled to use by virtue of the domestic relationship or which may be reasonably required by the aggrieved person or her children or her stridhan or any other property jointly or separately held by the aggrieved person; and

(c) prohibition or restriction to continued access to resources or facilities which the aggrieved person is entitled to use or enjoy by virtue of the domestic relationship including access to the shared household.

Explanation II.-For the purpose of determining whether any act, omission, commission or conduct of the respondent constitutes "domestic violence" under this section, the overall facts and circumstances of the case shall be taken into consideration.

**(f) Section 18.** Protection orders.-The Magistrate may, after giving the aggrieved person and the respondent an opportunity of being heard and on being prima facie satisfied that domestic violence has taken place or is likely to take place, pass a protection order in favour of the

aggrieved person and prohibit the respondent from-

(a) committing any act of domestic violence;

(b) aiding or abetting in the commission of acts of domestic violence;

(c) entering the place of employment of the aggrieved person or, if the person aggrieved is a child, its school or any other place frequented by the aggrieved person;

(d) attempting to communicate in any form, whatsoever, with the aggrieved person, including personal, oral or written or electronic or telephonic contact;

(e) alienating any assets, operating bank lockers or bank accounts used or held or enjoyed by both the parties, jointly by the aggrieved person and the respondent or singly by the respondent, including her stridhan or any other property held either jointly by the parties or separately by them without the leave of the Magistrate;

(f) causing violence to the dependants, other relatives or any person who give the aggrieved person assistance from domestic violence;

(g) committing any other act as specified in the protection order.

**(g) Section 19.** Residence orders.-(1) While disposing of an application under sub-section (1) of section 12, the Magistrate may, on being satisfied that domestic violence has taken place, pass a residence order -

(a) restraining the respondent from dispossessing or in any other manner

disturbing the possession of the aggrieved person from the shared household, whether or not the respondent has a legal or equitable interest in the shared household;

(b) directing the respondent to remove himself from the shared household;

(c) restraining the respondent or any of his relatives from entering any portion of the shared household in which the aggrieved person resides;

(d) restraining the respondent from alienating or disposing off the shared household or encumbering the same;

(e) restraining the respondent from renouncing his rights in the shared household except with the leave of the Magistrate; or

(f) directing the respondent to secure same level of alternate accommodation for the aggrieved person as enjoyed by her in the shared household or to pay rent for the same, if the circumstances so require:

Provided that no order under clause (b) shall be passed against any person who is a woman.

(2) The Magistrate may impose any additional conditions or pass any other direction which he may deem reasonably necessary to protect or to provide for the safety of the aggrieved person or any child of such aggrieved person.

(3) The Magistrate may require from the respondent to execute a bond, with or without sureties, for preventing the commission of domestic violence.

(4) An order under sub-section (3) shall

be deemed to be an order under Chapter VIII of the Code of Criminal Procedure, 1973 (2 of 1974) and shall be dealt with accordingly.

(5) While passing an order under sub-section (1), sub-section (2) or sub-section (3), the court may also pass an order directing the officer in charge of the nearest police station to give protection to the aggrieved person or to assist her or the person making an application on her behalf in the implementation of the order.

(6) While making an order under sub-section (1), the Magistrate may impose on the respondent obligations relating to the discharge of rent and other payments, having regard to the financial needs and resources of the parties.

(7) The Magistrate may direct the officer in-charge of the police station in whose jurisdiction the Magistrate has been approached to assist in the implementation of the protection order.

(8) The Magistrate may direct the respondent to return to the possession of the aggrieved person her stridhan or any other property or valuable security to which she is entitled to.

**(h) Section 20.** Monetary reliefs.-(1) While disposing of an application under sub-section (1) of section 12, the Magistrate may direct the respondent to pay monetary relief to meet the expenses incurred and losses suffered by the aggrieved person and any child of the

aggrieved person as a result of the domestic violence and such relief may include, but not limited to,-

(a) the loss of earnings;

(b) the medical expenses;

(c) the loss caused due to the destruction, damage or removal of any property from the control of the aggrieved person; and

(d) the maintenance for the aggrieved person as well as her children, if any, including an order under or in addition to an order of maintenance under section 125 of the Code of Criminal Procedure, 1973 (2 of 1974) or any other law for the time being in force.

(2) The monetary relief granted under this section shall be adequate, fair and reasonable and consistent with the standard of living to which the aggrieved person is accustomed.

(3) The Magistrate shall have the power to order an appropriate lump sum payment or monthly payments of maintenance, as the nature and circumstances of the case may require.

(4) The Magistrate shall send a copy of the order for monetary relief made under sub-section (1) to the parties to the application and to the in charge of the police station within the local limits of whose jurisdiction the respondent resides.

(5) The respondent shall pay the monetary relief granted to the aggrieved person within the period specified in the order under sub-section (1).

(6) Upon the failure on the part of the

respondent to make payment in terms of the order under sub-section (1), the Magistrate may direct the employer or a debtor of the respondent, to directly pay to the aggrieved person or to deposit with the court a portion of the wages or salaries or debt due to or accrued to the credit of the respondent, which amount may be adjusted towards the monetary relief payable by the respondent.

**(j) Section 22.** Compensation orders.-In addition to other reliefs as may be granted under this Act, the Magistrate may on an application being made by the aggrieved person, pass an order directing the respondent to pay compensation and damages for the injuries, including mental torture and emotional distress, caused by the acts of domestic violence committed by that respondent.

૧૧. આ કામે અરજદાર ધ્વારા હાલની આ અરજી ડોમેસ્ટિક વાયો.એકટ ૨૦૦૫ ની વિવિધ જોગવાઈ હેઠળ વિવિધ દાદ મેળવવા માટે કરવામાં આવેલ છે ત્યારે અરજી માંહેની હકીકતો અરજદારે પુરવાર કરવાની રહે છે. જે બાબતે સૌ પ્રથમ તો ભારતીય પુરાવા અધિ.ની જોગવાઈને ધ્યાને લેવામાં આવે તો ...

## Burden of proof  / onus probandi

કોઈ વ્યકિતજે હકીકતનું પ્રતિપાદન કરતી હોય તેણે તે હકીકત સાબીત કરવી જોઈએ એ સાબીતીના બોજા અંગેનો સામાન્ય નિયમ છે. કોઈ બાબત અગર તો કોઈ હકીકતનું એક વ્યકિત પ્રતિપાદન કરે અને બીજી વ્યકિત ધ્વારા તેવી હકીકતોનો ઈન્કાર કરવામાં આવે ત્યારે પુરાવો હકારાત્મકહોય તે કારણે પ્રતિપાદન કરતી વ્યકિતએ તે હકીકત સાબીત કરવી પડેછે. તેવી વ્યકિત

તે હકીકત સાબીત કરે અગર તો પ્રથમ દૃષ્ટીએ તે હકીકત માનવા લાયક બનતી હોય ત્યારે જે પક્ષ તેવી હકીકતનો ઈન્કાર કરતો હોય તેણે તેવી હકીકતનું ખંડન કરતો પુરાવો આપવાનો રહે છે. પ્રતિપાદન કરનાર પક્ષ ઉપરથી પુરાવાનો બોજો નહી, પરંતુ પુરાવાની જવાબદારી ખસે છે.

onus probandi નો અર્થ જોવામાં આવે તો સાબીતીનો બોજો કોના ઉપર છે તેવો અર્થ થાય છે. છતાં પણ Burden of proof અને onus pobandi વચ્ચે તફાવત છે. પુરાવાના કાયદાની કલમઃ૧૦૨ માં જણાવવામાં આવેલી હકીકતો જોવામાં આવે તો ન્યાયીક કાર્યવાહીમાં એક તબકકો એવો આવે છે કે કોણે પુરાવાની શરુઆત કરવી તે નકકી કરવાનું રહેછે. જો એવા તબકકે કશો જ પુરાવો આપવામાં ના આવે તો જ પક્ષ નિષ્ફળ જાય તેણે જ પુરાવો આપવાનો રહે છે. પુરાવાના કાયદા કલમઃ૧૦૨ માં જે દૃષ્ટાંત આપવામાં આવેલ છે.

સાબીતીના બોજા અંગેની પ્રથમ હકીકત એવી છે કે જે વ્યકિત કોઈ હકીકતનું પ્રતિપાદન કરતી હોય તેમણે તેવી હકીકતો સાબિત કરવાની રહે છે,કોઈપણ બાબતમાં નકારાત્મક પુરાવો હંમેશા શકય બનતો નથી જેથી કોઈપણ હકીકતનું પ્રતિપાદન કરવામાં આવે ત્યારે તેવી હકીકતનું અસ્તિત્વ પુરવાર કરવા માટે હકારાત્મક પુરાવાની અપેક્ષા રાખવામાં આવે છે. સાબીતીના બોજા અંગેની બીજી મહત્વની હકીકત એવા પ્રકાર ની છે કે જે પક્ષકાર ઉપર કોઈ હકીકત કે મુદ્દો સાબિત કરવાનો બોજો હોય છે. તે સાબિતીનો બોજો ન્યાયીક કાર્યવાહી દરમ્યિાન કયારેય ખસતો નથી. પરંતું તે અંગેની જવાબદારી ખસે છે. સાબિતીનો બોજો અને સાબિતીની જવાબદારી એ બંનેમાં એક નિશચીત તફાવત છે. દીવાની કાર્યવાહી દરમ્યાન પક્ષકારે પ્રિપોન્ડરન્સ ર્આફ પ્રોબેબીલીટીની રુઈએ હકીકતોની માત્ર સંભાવનાઓ જ દર્શાવ્વાની રહે છે.

<u>મુદ્દા નંબરઃ૧ થી ૬</u>ઃ–

૧ર. આ કામે રજુ થયેલ તમામ પુરાવા અને વિ.વ.શ્રીની દલીલોનુ મુલ્યાંકન કરતા અને બં ને પક્ષના પ્લીડીગ્સ જોતા, આ કામના અરજદાર સાલેહાબાનુ સાદીક પટેલ પોતાની સોગંદ ઉપરની સરતપાસ આંક–૯થી રજુ કરેલ છે, જેમાં અરજદારે પોતાની આંક–૧ની અરજીની હકીકતો દહોરાવેલ છે અને જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં.૧ તેણીના પતિ થાય છે. સામાવાળા નં

.૨ તેણીના દિયર થાય છે. સામવાળા નં.૩ તેણીના સાસુ અને સામાવાળા નં.૨ સલીમની પત્ની સામાવાળા નં.૪ થાય છે. સામાવાળા નં.૫ તેણીના નણંદ થાય છે અને સામાવાળા નં.૬ તેણીના દિયર થાય છે. આ કામના અરજદારના લગ્ન યાને નિકાહ આશરે ૩૦ વર્ષથી ઉપર મુસ્લીમ શરીયત શાસ્ત્ર વિધિ તેમજ તેઓની જ્ઞાતિના રીત રીવાજ અનુસાર મુંપો.જંબુસર સ્થળે સગા સબંધીઓની હાજરીમાં સામાવાળા નં.૧ સાથે થયેલા. લગ્ન બાદ સામાવાળા નં.૧ ને ત્યાં સોના–ચાંદીના દર–દાગીના, વાસણ–કુસણ, કપડાની પેટી તથા વિવિધ પ્રકારના રાચ–રચીલા તથા રોકડા રૂપિયા સાથે અને કન્યાદાનમાં મળેલી તમામ ભેટ સોગાદો સાથે તેણીને સામાવાળા નં.૧ ને ત્યાં મોજે જં બુસર ખાતે વાળાવેલી. તેઓ સામાવાળા નં.૧ થી ૬ સાથે સંયુકત કુટુંબમાં રહેતા અને લગ્ન જીવનના તમામ હકકો પુર્ણ કરતા હતા. શરુઆતમાં છ–માસ તેઓનો ઘર સંસાર સારી રીતે ચાલતો હતો. પરંતુ તે બાદ સામાવાળા નં.૧ સામાવાળા નં.૨ થી ૬ નાઓની ચઢવણીથી તેણીને મહેણા ટોણા મારવા લાગેલા અને પિયરમાંથી રોકડા રૂપિયાની માંગણી કરતા હતા લઈ આવવા ભારે દબાણ કરવા લાગેલા. જેથી આ કામના અરજદારે જણાવેલ કે , તેઓના પિતા ખુબજ ગરીબ છે આપી શકે તેમ નથી. જેથી સામાવાળા નં.૧ નાઓ શારીરિક માનસિક ત્રાસ આપવા લાગેલા અને મારઝુડ કરવા લાગેલા તેમ છતા અરજદાર એક ભારતીય નારી તરીકે સામાવાળા નં. ૧ થી ૬ નાઓનો ત્રાસ સહન કરી રહેતા હતા અને સામાવાળા નં.૧ એક દિવસ સુધરી જશે તેવી આશાએ રહેતા હતા. " મેં તારી સાથે કરવા ખાતર લગ્ન કરેલ છે બાકી મારે તારી સાથે કાંઈ લેવા દેવા નથી અને મારા માં –બાપને પણ તુ ગમતી નથી." તેમ જણાવતા હતા. સમાવાળા નં.૧ કોઈની સાથે વાતચીત કરવા દેતા નહી. આમ સામાવાળા નં.૧ થી ૬ નાઓ અરજદારને વિના કારણે શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા અને તેઓને પહેરેલ લુગડે ઘરમાંથી કાઢી મુકેલ છે અને તેઓની તમામ ચીજવસ્તુ જપ્ત કરી લઈ ઘરમાં પગ મુકીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે. ત્યારબાદ અરજદાર મોજે ભડકોદ્રા, તા.જંબુસર મુકામે તેઓના માતા–પિતાને ત્યાં આવી રહેલ છે અને સામાવાળા નં.૧ તથા તેઓના કુટુંબીજનોએ કોઈપણ જાતના વાંક ગુના વગર તેઓનો ત્યાગ કરેલ છે.

વધુમાં અરજદાર જણાવે છે કે, સામાવાળા નં.૧ નાએ તેઓનો વિના કારણે ત્યાગ કરેલ છે અને આજદિન સુધિ ભરણ–પોષણની વ્યવસ્થા કરેલ નથી. સામાવાળાઓના ત્રાસના કારણે તેઓની તબીયત ઉપર અસર પડેલી છે અને માનસીક અસર થયેલ છે. સામાવાળા નં.૧

નાઓએ તેઓનો ત્યાગ કર્યા બાદ તેઓના રહેઠાણની તથા ભરણ–પોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી. જેથી સામાવાળાઓ સામે હાલની અરજી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળ કરવી પડેલ છે.

અરજદાર તેની અરજીમાં વધુમાં જણાવે છે કે, સામાવાળા નં.૧ શરીરે તંદુરસ્ત અને સશકત છે અને સામાવાળાઓની જંબુસર મુકામે ખેતીની જમીનો આવેલ છે સામાવાળા ત્રણ પાક લે છે પીયતની સગવડ છે. સામાવાળા નં.૧ વિદેશ કમાણી કરીને ભારત પરત આવેલા છે અને જંબુસર મુકામે વેપાર કરે છે સામાવાળા નં.ર કોન્ટ્રાકટર છે અને કોન્ટ્રાકટના કામો રાખે છે તથા જંબુસર મુકામે ઘર આવેલા છે. માસિક રૂ.૫૦,૦૦૦/– જેટલી છે. વાર્ષિક આવક ૨૦,૦૦,૦૦૦/– છે. જયારે તેઓને કોઈ કામ, ધંધો, હુનર ઉધોગ આવડતો નથી અને જાતે કમાઈ ભરણ–પોષણ કરી શકે તેમ નથી.

૧૩. તમામ પુરાવા તથા રજુઆતોને કાયદા સાથે સંયોજીને ઘ્યાનમાં લેવામાં આવે તો એ બાબત સ્પષ્ટ છે કે હાલની અરજી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ તળેની અરજી છે. કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેવામાં આવે તો ફકત અરજદારની સોગંદ ઉપરની જુબાનીના આધારે અરજદાર સાથે ઘરેલુ હિંસાનો વ્યવહાર થતો હતો તેમ માની શકાય તેમ નથી. કારણકે અરજદારના દ્વારા સ્પષ્ટ એવો કોઈ જ પુરાવો આપવામાં આવેલ નથી કે જે હકીકતો તેણીએ પ્રોટેકશન અધિકારી સમક્ષના નિવેદનમાં જણાવેલી છે. આ કામે અરજદાર તરફે પણ પ્રોટેકશન અધિકારી ને તપાસવામાં આવેલા નથી તેમજ અરજદાર તેની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, આ અરજી–ફરીયાદ કર્યા પછી તેઓ કોઈ અધિકારી ઓફીસમાં જવાબ લખાવવા ગયેલ નથી.

૧૪. આમ, તમામ પુરાવો અને હકીકતો કાયદા સાથે સંયોજીત કરવામાં આવે તો એક બાબત સ્પષ્ટ છે કે હાલના કેસમાં આક્ષેપો ખુબ જ ગંભીર છે પરંતુ તે પુરવાર કરવા માટે જોઈએ તેટલો પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પરંતુ જેટલો પુરાવો રજુ થયેલ છે તેના આધારે આક્ષેપોનો તદ્દન હ્રાસ ઉડાવી શકાય તેમ પણ નથી. વધુમાં આ કામના અરજદારે સામાવાળા નં. ૧ વિરુઘ્ધ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૨૫ મુજબની ભરણપોષણ મેળવવા માટેની અરજી કરેલ છે, જે અરજી હેઠળ થયેલ હુકમની

નકલ આંક–૨૫ની પુરશીસથી રજૂ થયેલ છે. જેમાં માસિક રૂા. ૨૫૦૦/– ભરણપોષણનો હુકમ થયેલ છે, અરજદારના તેમના માતાપિતાની માલિકીના મકાનમાં રહે છે, ભાડે રહેતા નથી, જેથી ભાડે રહેવા જવાનો પ્રશ્ન નથી, અરજદારને ત્રાસના કારણે કોઈ બિમારી કે માંદગી થયેલાનું રેકર્ડ પર આવેલ નથી કે દવાના કોઈ બીલો રજુ કરેલ નથી.અરજદારે કપડાલત્તાં કે દાગીના વિગેરેની કોઈ યાદી કે બીલ રજુ કરેલ નથી. સમાજ સુરક્ષા અધિકારીના રીપોર્ટમાં તબીબી સહાય માંગેલ નથી. જેથી અરજદારની અરજી બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે તો વાજબી અને ન્યાયોચીત જણાય આવતુ હોય આ કામનો ન્યાયીક નીર્ણય નીચે મુજબ કરુ છું

આમ, ઉપરોકત તમામ ચર્ચાઓ ઘ્યાને લઈ મુદ્દા નં.૧ ,૨ અને ૫ નો નિર્ણય હકારાત્મક આપી મુદ્દા નં.૩ , ૪ અને ૬ નો નિર્ણય નકારાત્મક આપવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

અરજદારની હાલની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

સામાવાળાને આથી હુકમ કરવામાં આવે છે કે તેણે અરજદારને હાલની અરજીના હુકમની તારીખથી માસિક રૂા.૧,૦૦૦/– ભરણપોષણ પેટે ચુકવવા.

ઘી પ્રોટેકશન ઓફ વુમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૨૪ મુજબ આ હુકમની એક નકલ વિના મુલ્યે અરજદારને પુરી પાડવી.

ઉપરોકત હુકમ આજરોજ તારીખઃ ૧૫મી, માહે–જૂન, સને ૨૦૨૧ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૧૫/૦૬/૨૦૨૧.
સ્થળ :– જંબુસર.

(શીતલ વેંકટેશન મુદલીયાર )
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જંબુસર.
કોડ નં. જી.જે. ૦૧૨૧૭